# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 05-06-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

---

- ✓ લોકસભાની ચૂંટણીના પરિણામો બાદ હવે સરકાર રચવાની દિશામાં ચક્રો ગતિમાન - NDA સતત ત્રીજી વાર સરકાર રચવા સજ્જ
- ✓ આજે નવી દિલ્હીમાં એનડીએ અને ઇન્ડિ ગઠબંધનની બેઠક
- ✓ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે રાજ્યપાલને રાજીનામું આપ્યું.
- ✓ આગામી પાંચ દિવસ માટે ઉત્તર-પશ્ચિમ ભારતના રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદની હવામાન ખાતાની આગાહી.
- ✓ આજે ગુજરાત સહિત સમગ્ર દેશમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક પેડ, માં કે નામ ઝુંબેશ શરૂ કરી.
- ✓ ટી-20 વિશ્વકપમાં આજે ભારતનો મુકાબલો આર્યલેન્ડ સામે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *GOVT FORMATION*-1

**લોકસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયા બાદ રાજકીય પક્ષોએ સરકાર રચવાની દિશામાં ચક્રો ગતિમાન કરી દીધા છે. ભાજપની આગેવાની હેઠળ એનડીએએ 292 બેઠકો સાથે સંપૂર્ણ બહુમતી મેળવી છે. ભાજપને 240, ટીડીપીને 16 અને જેડીયુને 12 બેઠકો મળી છે. તો કોંગ્રેસની**

આગેવાની હેઠળના ઇન્ડિ ગઠબંધનને 233 બેઠકો મળી છે. કોંગ્રેસને 99, સપાને 37, તૃણમુલ કોંગ્રેસને 29 અને ડીએમકેને 22 બેઠકો મળી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળ સતત ત્રીજી વાર સરકાર રચવા માટે ભાવિ પગલાં નક્કી કરવા આજે નવી દિલ્હીમાં એનડીએનાં સાથી પક્ષોની બેઠક યોજાશે. આ બેઠકમાં જેડીયુના વડા નિતિશ કુમાર, ટીડીપીના ચંદ્રબાબુ નાયડુ, લોકજનશક્તિ પાર્ટીના નેતા ચિરાગ પાસવાન, જનસેના પાર્ટીના નેતા અને અભિનેતા પવન કલ્યાણ, હિન્દુસ્તાન અવામી મોરચાના જીતનરામ માંઝી સહિતનાં નેતાઓ ભાગ લેશે.

ટીડીપીના નેતા એન ચંદ્રબાબુ નાયડુએ આજે સવારે આંધ્રપ્રદેશમાં અમરાવતી ખાતે તેમનાં નિવાસસ્થાને પત્રકાર પરિષદ યોજી હતી. તેમણે ટીડીપીને ઐતિહાસિક વિજય અપાવવા બદલ રાજ્યનાં લોકોનો આભાર માન્યો હતો. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે આ વિજય ટીડીપી, જન સેના અને ભાજપનાં સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. જેડીયુ પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નિતિશકુમાર અને આરજેડીના એનડીએ બેઠકમાં ભાગ લેવા નવી દિલ્હી પહોંચી ગયા છે.

દરમિયાન, ઇન્ડિ ગઠબંધનની બેઠક આજે સાંજે છ વાગે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનાં નિવાસસ્થાને યોજાશે,

જેમાં આગામી વિરોધ પક્ષોની આગામી રણનીતિ પર ચર્ચા કરવામાં આવશે. આરજેડી નેતા તેજસ્વી યાદવ બેઠકમાં ભાગ લેવા નવી દિલ્હી પહોંચી ગયા છે.

ગઇ કાલે જાહેર થયેલા લોકસભા ચૂંટણી પરિણામોમાં અગ્રણી વિજેતા ઉમેદવારોમાં પ્રધાનમંત્રી અને ભાજપના નેતા નરેન્દ્ર મોદી-વારાણસસી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ-ગાંધીનગરથી ઓમ બિરલા-કોટા, અર્જુનરામ મેઘવાલ-બિકાનેર, ગજેન્દ્રસિંહ શેખાવત-જોધપુર, જ્યોતિરાદિત્ય સિંધિય- ગુના, સપા નેતા ડિમ્પલ યાદવ-મૈનપુરી અને ટીએમસીના શત્રુઘ્નસિંહા-આસનસોલનો સમાવેશ થાય છે.

પરાજિત અગ્રણી ઉમેદવારોમાં ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડા-ખુંટી, સ્મૃતિ ઇરાની-અમેઠી, નેશનલ કોન્ફરન્સ નેતા ઓમર અબદુલ્લા-બારામુલા અને પીડીપી નેતા મહેબુબા મુફ્તિ-અનંતનાગનો સમાવેશ થાય છે.

ભાજપે પાંચ રાજ્યોમાં તમામ લોકસભા બેઠક કબ્જે કરી છે, જેમાં દિલ્હીની સાત, ઉત્તરાખંડની પાંચ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશની ચાર-ચાર અને ત્રિપુરાની બે બેઠકોનો

સમાવેશ થાય છે. જો કે, સૌથી વધુ 80 બેઠકો ધરાવતા ઉત્તરપ્રદેશમાં એનડીએને ફટકો પડ્યો છે. ભાજપને 33, જ્યારે સમાજવાદી પાર્ટીને 37, કોંગ્રેસને 6અને રાષ્ટ્રીય લોકદળને બે બેઠક મળી છે.

વારાણસી બેઠક પરથી પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી કોંગ્રેસના અજય રાય સામે 1 લાખ બાવન હજાર મતોથી જીત્યા છે. તો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક પર 3 લાખ 64 હજાર અને રાયબરેલી બેઠક પર ત્રણ લાખ 90 હજાર મતોથી વિજય મેળવ્યો છે. સપાના અખિલેશ યાદવ કનૌજમાં એક લાખ સીત્તેર હજારથી વધુ મતોથી જીત્યા છે.

ભાજપનાં સ્મૃતિ ઇરાની અમેઠી બેઠક પર કોંગ્રેસના કિશોરીલાલ શર્મા સામે હારી ગયા છે.

ભાજપના અન્ય નેતા મેનકા ગાંધી પણ સુલતાનપુર બેઠક પર સપાના રામભુઆલ નિશાદ સામે 43 હજાર મતોથી હારી ગયા છે. કોંગ્રેસનાં નેતા શશી થરૂરે થિરુવનંતપુરમ બેઠક પર કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરને 16 હજારથી વધુ મતોથી પરાજય આપ્યો છે. કોંગ્રેસના કે સી વેણુગોપાલ અલપ્પુઝા બેઠક પરથી જીત્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આજે નવી દિલ્હીમાં તેમનાં નિવાસસ્થાને કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક ચાલી રહી છે, જેમાં કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, નિતિન ગડકરી અને રાજનાથસિંહ સહિતનાં મંત્રીઓ ભાગ લઈ રહ્યા છે. બેઠકમાં નવી સરકારની રચના માટે દાવો કરવા અંગે ચર્ચા થવાની સંભાવના છે.

## *PM-GLOBAL LEADERS*

વૈશ્વિક નેતાઓએ પ્રધાનમંત્રી અને ભારતીય જનતા પાર્ટીને લોકસભા ચૂંટણીમાં સતત ત્રીજી વાર વિજય મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

ઇટાલી, મોરેશિયસ, ભુતાન, નેપાળ, માલદિવ અને શ્રીલંકાના નેતાઓએ શ્રી મોદીને અભિનંદન પાઠવ્યા છે. પ્રધાનમંત્રીએ આ તમામ નેતાઓનો આભાર માન્યો છે અને આ દેશો સાથે ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની આતુરતા વ્યક્ત કરી હતી.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## *ODISHA-RESIGNATION*

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે આજે ભુવનેશ્વરમાં રાજભવનમાં રાજ્યપાલ રઘુબર દાસને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે. રાજ્યમાં હાલમાં જ પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણીમાં તેમનાં પક્ષ બીજુ જનતા દળની હાર બાદ તેમણે આ રાજીનામું આપ્યું છે. શ્રી પટનાયક ઓડિશાના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર મુખ્યમંત્રી છે. તેમણે 24 વર્ષ અને ત્રણ મહિના એટલે કે, સતત પાંચ ટર્મ સુધી સેવા આપી હતી. તેમણે 5મી માર્ચ 2000નાં રોજ ઓડિશાના મુખ્યમંત્રી તરીકે સૌ પ્રથમ વાર શપથ લીધા હતા. ઉલ્લેખનીય છે કે ,147 સભ્યોની વિધાનસભામાં બીજુ જનતા દળને માત્ર 51 બેઠકો મળી છે, જ્યારે ભારતીય જનતા પાર્ટી 78 બેઠકો મેળવીને સરકાર રચશે તે નિશ્ચિત છે.

## *IMD-WEATHER*

હવામાન વિભાગએ આગામી 5 દિવસ માટે દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં વાવાઝોડા, વીજળી અને તોફાની પવન સાથે વરસાદની આગાહી કરી છે.

તો બીજી તરફ ઉત્તરપશ્ચિમ અને પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં ગરમી યથાવત રહેશે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

તો ચોમાસુ આગામી 4 દિવસમાં દક્ષિણ પશ્ચિમના વિસ્તારમાં મધ્ય અરબી સમુદ્રના , કર્ણાટકના , દક્ષિણ મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારો, તેમજ તેલંગાણા અને તટીય આંધ્ર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં આગળ વધવાની સંભાવના છે.

હવામાન વિભાગે દિલ્હીમાં સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને વરસાદ અથવા ધૂળના તોફાનની સંભાવના વ્યક્ત કરી છે. જ્યાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

## *UTTARAKHAND-BAD WEATHER*

ઉત્તરાખંડમાં ખરાબ હવામાન ને કારણે 22 સભ્યોની ટીમના ચાર પર્વતારોહક ગઈકાલે ઉત્તરકાશી જિલ્લામાં તેમના સહસ્ત્રતલ ટ્રેક દરમિયાન ખોવાઈ જવાથી મૃત્યુ પામ્યા હતા. તો છ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, અને અન્યને બચાવવાના પ્રયાસો ચાલુ છે. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને વન વિભાગની ટીમો બચાવ કામગીરીમાં લાગી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, કર્ણાટક, મહારાષ્ટ્રના સભ્યો અને સ્થાનિક માર્ગદર્શકો સાથેની ટ્રેક ટીમ 29મી મેના રોજ સહસ્ત્રતલ જવા રવાના થઈ હતી.

## *WORLD ENVIRONMENT DAY*

આજે ગુજરાત સહિત દેશભરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. પર્યાવરણનું સંરક્ષણ કરવા, જાગૃતિ ફેલાવવા અને પગલાં લેવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ વૈશ્વિક દિવસ મનાવવામાં આવે છે. વર્ષ 1972માં સ્ટોકહોમમાં માનવ પર્યાવરણ અંગે યોજાયેલી પરિષદમાં સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભાએ વિશ્વ પર્યાવરણ દિવસ મનાવવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ વર્ષ 1973થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેનો હેતુ પર્યાવરણનાં મુદ્દાઓ અંગે જાગૃતિ ફેલાવવાનો અને વૈશ્વિક સહકારને પ્રોત્સાહન આપવાનો છે. આ વર્ષનું સૂત્ર છેઃ "જમીન પુનઃસ્થાપના, રણ અને દુષ્કાળની સ્થિતિસ્થાપકતા."

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'એક પેડ મા કે નામ' ઝૂંબેશ શરૂ કરી હતી. આ પહેલ હેઠળ તેમણે નવી દીલ્હીમાં બુધ્ધ જયંતિ પાર્ક ખાતે વૃક્ષારોપણ

કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવ અને દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનયકુમાર સક્સેના પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ લોકોને સાતત્યતા પર આધારિત વધુ સારાં અને હરિયાળા વિશ્વનું નિર્માણ કરવા માટે લોકોને સામૂહિક પ્રયાસ કરવા જણાવ્યું છેે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે લોકોને વિશ્વ પર્યાવરણ દિવસની શુભેચ્છા પાઠવીને જણાવ્યું છે કે, સાતત્યપૂર્ણ જીવનશૈલી માટે માનવતા અને પ્રકૃતિ વચ્ચે સુસંવાદિતા હોવી જરૂરી છે.

## *T20 WORLD CUP*

ટી – ટ્વેન્ટી વિશ્વકપમાં ભારત આજે રોહિત શર્માના નેતૃત્વમાં આયર્લેન્ડ સામે મેચ રમશે. ભારતીય સમય અનુસાર રાત્રે 8 વાગે ન્યૂયોર્કના નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે મેચ શરૂ થશે.

આ મેચ શરૂ થશે. 2007થી શરૂ થયેલો ટી 20 વિશ્વકપ ભારત એક પણ વાર જીતી શક્યો નથી. ભારત 9 જૂને પાકિસ્તાન સામે મુકાબલો કરશે. ગઈકાલે રમાયેલી મેચમાં નેધરલેન્ડ્સની ટીમે નેપાળને છ વિકેટથી હરાવ્યું હતું.

## *INDEX-DUBAI EXHIBITION*

દુબઈમાં ઈન્ટીરીયર ડીઝાઈન માટેનું એક અગ્રણી આંતરરાષ્ટ્રીય પ્રદર્શન INDEX ની 31મી આવૃત્તિનું દુબઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ધ ઈન્ડિયા પેવેલિયન, ઈવેન્ટની ખાસિયત, ઘર સજાવટ, કાપડ અને ફર્નિચરમાં વિશેષતા ધરાવતી ભારતીય કંપનીઓના ઉત્પાદનોની વિવિધ શ્રેણીનું પ્રદર્શન કરે છે. એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડીક્રાફ્ટ્સ (EPCH), કોટન ટેક્સટાઇલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (Texprocil) અને મેનમેઇડ એન્ડ ટેકનિકલ ટેક્સટાઇલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (MATEXIL) દ્વારા એકસાથે લાવવામાં આવેલા 62 ભારતીય નિકાસકારો પેવેલિયનમાં તેમની નવીનતમ રચનાઓ પ્રદર્શિત કરી રહ્યાં છે. આ વર્ષના INDEX દુબઈમાં 34 દેશોમાંથી 530 થી વધુ પ્રદર્શકો છે. આ ત્રણ-દિવસીય ઈવેન્ટ ઈન્ટિરિયર ડિઝાઈન ઈન્ડસ્ટ્રી માટે એક મુખ્ય મેળાવડો બની ગયો છે.